**Enrollment No:** ______________________ **Exam Seat No:**______________________

# C.U.SHAH UNIVERSITY

## Summer Examination-2019

**Subject Name: Compulsory Accountancy-I**
**Subject Code: 4CO01CAC2** **Branch: B.Com (Gujarati)**
**Semester: 1** **Date: 19/03/2019** **Time : 02:30 To 05:30** **Marks : 70**

Instructions:

(1) Use of Programmable calculator & any other electronic instrument is prohibited.
(2) Instructions written on main answer book are strictly to be obeyed.
(3) Draw neat diagrams and figures (if necessary) at right places.
(4) Assume suitable data if needed.

---

**Q-1** **Attempt the following questions:** **(14)**

**a)** નવી પેઢી જે દેવાં – જવાબદારી સ્વીકારે તેને જૂની પેઢી પોતાના ચોપડામાં .. 1

(a)જવાબદારી ખાતે જમા કરે (b) નવી પેઢી ખાતે ઉધારે

(c) નવી પેઢી ખાતે જમા કરે (d) મૂડી ખાતે ઉધારે

**b)** સંયોજન વખતે નવી પેઢીએ નહિં લીધેલ જવાબદારી ભાગીદારોના મૂડી ખાતે .. 1

(a) જૂના ન.નુ.ના પ્રમાણમાં જમા થાય (b) સરખા પ્રમાણમાં જમા થાય

(c) મૂડીના પ્રમાણમાં જમા થાય (d) ભાગીદારો નક્કી કરે તે પ્રમાણમાં જમા થાય

**c)** ભાગીદારી પેઢીઓનું સંયોજન ત્યારે જ શક્ય બને કે જ્યારે ઓછામાં ઓછી … ભાગીદારી પેઢીઓ હોય : 1

(a) 3 (b) 2 (c) 4 (d) એક પણ નહિં

**d)** આસામી આડત : 1

(a) કુલ વેચાણ પર ગણાય (b) ફક્ત ઉધાર વેચાણ પર

(c) ફક્ત રોકડ વેચાણ પર (d) મોકલેલ માલ પર

**e)** આસામી આડત આપવામાં ન આવતી હોય અને ઉધાર વેચાણ અંગે ઘાલખાધ પડે ત્યારે આડતિયાના ચોપડામાં ક્યું ખાતું ઉધારાશે? 1

(a) દેવાદારનું ખાતું (b) આડતમાલનું ખાતું (c) માલધણીનું ખાતું (d) ઘાલખાધનું ખાતું

**f)** આડતિયાએ પોતે ખરીદી લીધેલા માલ ઉપર કઈ આડત ચૂકવાય છે? 1

(a) સાદી આડત (b) વધારાની આડત (c) આસામી આડત (d) આડત ન ચૂકવાય.

**g)** રાશ ખાતું કોના જેવું છે? 1

(a) વેપાર ખાતાં જેવું (b) નફા નુકસાન ખાતાં જેવું

(c) વેપાર અને નફા નુકસાન ખાતાં જેવું (d) પાકા સરવૈયા જેવું

**h)** નીચે દર્શાવેલ ખાતાં પૈકી ક્યું ખાતું રાશના હિસાબોના ભાગ રૂપે ખોલવામાં આવતું નથી ? 1

(a) સંયુક્ત બેંક ખાતું (b) રાશ ખાતું (c) સહભાગીદારનું ખાતું (d) સ્ટોક અનામત ખાતું

**i)** A અને B સંયુક્ત સાહસમાં જોડાયા છે. A રૂ. 60,000 Bને આપે છે. તો A ના ચોપડમાં 1

આ વ્યવહાર ક્યા ખાતામાં નોંધાશે?

(a) રાશ ખાતું (b) B નું ખાતું (c) ખર્ચ ખાતું (d) એક પણ નહિં

**j)** સંયુક્ત જીવન વીમા પોલિસીના પ્રીમિયમના હિસાબો લખવાની કેટલી રીત છે? 1

(a) 2 (b) 4 (c) 3 (d) 5

**k)** સંયુક્ત જીવનવીમા પોલિસી અનામત ખાતા દ્વારા પૉલિસી શરણમૂલ્ય કિંમતે દર્શાવાય, ત્યારે ભરેલ પ્રીમિયમ ક્યા ખાતે ઉધારાય છે? 1

(a) પ્રીમિયમ ખાતે (b) નફા નુકસાન ખાતે (c) વેપાર ખાતે (d) પૉલીસી ખાતે

**l)** સંયુક્ત જીવનવીમા પૉલીસીનું વાર્ષિક પ્રીમિયમ રૂ. 35,000 છે અને શરણમૂલ્ય શૂન્ય છે, તો માંડી વાળવાની રકમ - 1

(a) રૂ. 35,000 (b) રૂ. શૂન્ય (c) રૂ. 17,500 (d) એક પણ નહિં

**m)** હિસાબી ધોરણ નંબર – 2.. 1

(a) રોકડ પ્રવાહ પત્રક (b) ઈન્વેન્ટરીનું મૂલ્યાંકન (c) સ્થિર મિલકતો (d) જાહેર ખર્ચા

**n)** એકાઉન્ટ નીતિ જાહેર કરવીએ કયું હિસાબી ધોરણ છે? 1

(a) 1 (b) 2 (c) 3 (d) 4

**Attempt any four questions from Q-2 to Q-8**

**Q-2 Attempt all questions** **(14)**

(a) ભાગીદારી પેઢીના સંયોજનનો અર્થ આપી, તેના હેતુઓ જણાવો. **7**

(b) તફાવત આપો – રાશ અને આડત. **7**

**Q-3 Attempt all questions** **(14)**

તા. 31મી માર્ચ 2016ના રોજના પાકાં સરવૈયાં નીચે મુજબ છે **14**

| મૂડી-દેવાં | AB | CD | મિલકત લેણાં | AB | CD |
|---|---|---|---|---|---|
| મૂડી: A | 30,000 | - | ફર્નિચર | 14,000 | 16,000 |
| B | 24,000 | - | સ્ટોક | 20,000 | 26,000 |
| C | - | 30,000 | દેવાદારો | 24,000 | 30,000 |
| D | - | 30,000 | લેણીહૂંડી | 8,000 | 12,000 |
| લેણદારો | 20,000 | 28,000 | રોકડ | 26,000 | 28,000 |
| અનામત | 18,000 | 24,000 | | | |
| | 92,000 | 1,12,000 | | 92,000 | 1,12,000 |

A અને B સરખે હિસ્સે નફો નુકસાન વહેંચી લેતા ભાગીદારો હતા તથા C અને D 3:2 ના પ્રમાણમાં નફો નુકસાન વહેંચતા ભાગીદારો હતા. તેઓએ બંને કંપનીનું ABCDમાં સંયોજન કરવાનું નક્કી કર્યું.

શરતો નીચે મુજબ નક્કી કરવામાં આવી:

1) બન્ને પેઢીના ફર્નિચરની કિંમત 10% ઘટાડવી. 2) બન્ને પેઢીના સ્ટૉકની કિંમતમાં 20% વધારો કરવો. 3) બન્ને પેઢી માટે 5% ઘાલખાધ અનામતની જોગવાઈ કરવી. 4) AB ની પાઘડી રૂ. 12,000 અને CD ની પેઢીની પાઘડી રૂ. 20,000 નક્કી કરવામાં

આવી. 5) AB પેઢીની લેણી હૂંડીમાં 10%નો ઘટાડો કરવો. 6) CD પેઢીની લેણી હૂંડી 25% થી ઘટાડવી.

**ઉપરની માહિતી પરથી બન્ને પેઢીના ચોપડે નફા નુકસાન હવાલા ખાતાં તથા ભાગીદારોનાં મૂડી ખાતાં તૈયાર કરો.**

**Q-4** **Attempt all questions** **(14)**

(a) તફાવત આપો – સામાન્ય નુકસાન અને અસામાન્ય નુકસાન. **7**

(b) રાશનો અર્થ આપી, તેના લક્ષણોની ચર્ચા કરો. **7**

**Q-5** **Attempt all questions** **(14)**

**(a)** મદ્રાસની ABC એન્ડ કંપની ભાવનગરના XYZબ્રધર્સને રૂ. 150ની કિંમતનો એક એવા 1,000 રેડિયો આડતથી વેચવા મોકલેલ છે. ABCએન્ડ કંપની નૂરના રૂ. 10,000, મજૂરીના રૂ. 1,000 અને વીમા ખર્ચના રૂ. 500 ચૂકવે છે. રસ્તામાં આગ લાગતાં 100 રેડિયો બળી ગયા અને સંપૂર્ણ નાશ પામ્યા. આ અંગે વીમા કંપનીએ રૂ. 6,000નો દાવો મંજૂર રાખ્યો. બાકીના રેડીયો આડતિયાએ રૂ. 13,500 જકાત ચૂકવીને છોડાવી લીધા. **14**

આડતિયાએ ABC એન્ડ કંપનીએ લખેલી રૂ. 50,000ની 3 માસની હૂંડી સ્વીકારી. થોડા દિવસ બાદ તેમણે વેચાણ આંકડો મોકલ્યો, જે મુજબ તેમણે 800 રેડિયોનું રૂ. 250ના ભાવે વેચાણ કર્યું હતું. XYZ બ્રધર્સે ગોડાઉન ભાડું, જાહેરાત વગેરેના રૂ. 3000 ચૂકવ્યા હતા. આડતિયાને વેચાણ પર 5% આડત આપવાની છે.

**ઉપરની માહિતી પરથી માલધણીના ચોપડે આડતમાલ ખાતું અને આડતિયાનું ખાતું બનાવો.**

**Q-6** **Attempt all questions** **(14)**

(a) રાશ ખાતાનો નમૂનો આપો. **7**

(b) હિસાબી ધોરણ નંબર – 4 સમજાવો. **7**

**Q-7** **Attempt all questions** **(14)**

(a) હિસાબી ધોરણ નંબર – 3 રોકડ પ્રવાહ સમજાવો. **7**

(b) ટૂંક નોંધ લખો – પોલીસીનું શરણમૂલ્ય. **7**

**Q-8** **Attempt all questions** **(14)**

**(a)** સચિન, રોહિત અને ધવન 2:2:1 ભાગે ભાગીદારો હતા. તેઓએ તા. 1-1-2007ના રોજ રૂ. 45,000ની સંયુક્ત જીવનવીમા પૉલીસી લીધી છે. વાર્ષિક પ્રીમિયમ રૂ. 3,000 છે. પ્રથમ પ્રીમિયમ તા.1-1-2007ના રોજ ભર્યું છે. તા. 31-01-2010ના રોજ શહિદ મૃત્યુ પામ્યો. પોલીસી શરણમૂલ્ય કિંમતે દર્શાવાય છે. **7**

શરણમૂલ્ય નીચે મુજબ છે :

તા. 31-12-2007 - રૂ. શૂન્ય    તા. 31-12-2008 – રૂ. 1,200

તા. 31-12-2009 – રૂ. 2,600

**પૉલીસી ખાતું અને પૉલીસી અનામત ખાતં તૈયાર કરો.**

**(b)** સંયુક્ત જીવન વીમા પૉલીસીની કોઇ એક પધ્ધતિ સમજાવો. **7**